# વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય યોજનાની વિગત

**યોજનાનો હેતુ** : આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેતી વ્યવસ્થા દ્વારા રોજગારીની તકો વિકસાવી કુંટુબની સ્થિતીમાં સુધારો કરવાનો છે.

**યોજના હેઠળ મળનાર લાભ** :

આ યોજના હેઠળ લાભાર્થીઓને વેલાવાળા પાકો માટે 10 ગુંઠા જમીનમાં મંડપ તૈયાર કરવા માટે જરૂરી સાધન ખરીદવા માટે રૂ.14,560/-ની નાણાકીય સહાય 3 હપ્તામાં (પ્રથમ હપ્તો :8736,બીજો હપ્તો : 2912,ત્રીજો હપ્તો : 2912) આપવામાં આવશે.આ યોજના હેઠળ આપવામાં આવતી સહાયમાંથી લાભાર્થી દ્વારા નીચે મુજબની સાધન સામગ્રીનો જથ્થો ખરીદી,મંડ્પ તૈયાર કરવાનો રહેશે.

| વેલાવાળા પાકો માટે મંડપનો પ્રતિ 10 ગુંઠા દીઠ સાધન સામગ્રીની વિગત | | | |
|---|---|---|---|
| **અનું નં** | **ઘટકો** | **સ્પષ્ટીકરણ** | **જથ્થો** |
| 1 | જમીન તૈયાર કરવી | - | - |
| 2 | ફ્રુટ ફ્લાય ટ્રેપ | - | 2 નંગ |
| 3 | બાઈન્ડીંગ વાયર | 12 ગેજ | 25 કિલો |
| 4 | બાઈન્ડીંગ વાયર | 16 ગેજ | 35 કિલો |
| 5 | સિમેન્ટ થાંભલા | 7 ફીટ | 18 નંગ |
| 6 | લાકડાના થાંભલા | 8 ફીટ | 15 નંગ |
| 7 | વાંસના થાંભલા | 9 ફીટ | ◌ં |
| 8 | પ્લાસ્ટીક વાયર | - | 15 કિલો |
| 9 | સ્પ્રે પંપ | - | 1 નંગ |
| 10 | પ્લાસ્ટીક કેરેટ | - | 2 નંગ |

**વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય યોજનાના લાભાર્થી પસંદગી માપદંડ**

- ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદાર પાસે પિયતની સુવિધા હોય તેવા ખેડૂતોને પ્રાથમિકતા આપવામાં આવે છે.
- વન અધિકાર ધારા હેઠળ જંગલ જમીન ધરાવતા ખેડૂત ખાતેદારોને  લાભ લઈ શકે છે.
- મહિલા ખેડુત ખાતેદાર અને આદિમ જુથના ખાતેદાર લાભ લઈ શકે છે.
- 0 થી 20 બી.પી.એલ સ્કોર ધરાવતા આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ લાભ લઈ શકે છે.

**વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય યોજનાના લાભાર્થીઓને અરજી કરવા માટે અપલોડ કરવાના થતા જરૂરી દસ્તાવેજો**

1. અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ્સ
2. અરજદારના રેશનકાર્ડની નકલ
3. અરજદારના આધારકાર્ડની નકલ
4. અરજદારના જાતિના પ્રમાણપત્રની નકલ
5. અરજદારના જમીનના પુરાવા (રેવન્યુ જમીન માટે 7/12 અને 8/અની નકલ તથા જંગલ જમીન માટે સનદ/અધિકાર પત્ર)
6. અરજદારની બેંક પાસબુક/કેન્સલ ચેકની નકલ

7. અરજદારનો 0 થી 20 બી.પી.એલના દાખલાની નકલ

**યોજનાકીય વધુ માહિતી અને સહાય તથા માર્ગદર્શન માટે સંપર્ક કરો.**

પ્રાયોજના વહીવટદારશ્રી,પ્રાયોજના વહીવટદારની કચેરી,તમામ આદિજાતિ જિલ્લા.

**** **નોંધ :** વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય યોજનાની અરજી માત્ર ઓનલાઈન **https://dsagsahay.gujarat.gov.in** વેબસાઈટ ઉપર જ કરી શકાશે.